જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૩/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૩૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૨૨૧ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૨ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૦૪ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૨૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૪૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૩૪૧/૨૦૨૬**

રાણીપઃ કિશનસીંહ જવાનસીંહ ઠાકોર (ઉ.વ.૪૨)(રહે. અક્ષર પેરેડાઈઝ, રેડીયન્સ સ્કુલની બાજુમાં સરગાસણ ગાંધીનગર) એ તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજ "એમ.કે.સી.ઈન્ફાસ્ટ્રકચર લીમીટેડ" કંપનીમાં કામ કરતા ઠાકોર રાહુલભાઈ વિષ્ણુજી નાઓને "રિદ્ધી ઈન્ડ્રસ્ટ્રીઝ" માંથી આરોપી ભાસ્કરરાય ચંદુભાઈ જોષી (રહે:ગામ બોરલા બેલા જી– ભાવનગર) એ મોબાઈલ નંબર ૯૩૧૩૨૮૨૩૪૩ ઉપરથી ફોન કરી કહેલ કે "અમારી કંપની અમદાવાદ ખાતે આવેલ છે અને અમારી કંપની લોખંડના સળીયા, એમ.એસ.પ્લેટ, એમ.એસ.એન્ગલ વિગેરે મટીરીયલ રાખે છે. તમે ઈન્ડીયા માર્ટમાં ઈન્કવાયરી કરેલ હતી જેથી અમારી કંપની તમને ઓછા ભાવે લોખંડની બાંધકામને લગતુ મટીરીયલ આપશે" તેમ કહી આરોપીએ કંપનીનુ વિઝીટીંગ કાર્ડ, જી.એસ.ટી. સર્ટીફીકેટ તથા કેન્સલ ચેક, પાનકાર્ડ તેના મોબાઈલથી વોટ્સએપ કરેલ હતા. જે જોતા બીજી કંપનીઓ કરતા આરોપીની કંપની રિદ્ધી ઈન્ડ્રસ્ટ્રીઝનું કોટેશન નિચા ભાવનુ જણાઈ આવતા કિશનસીંહ ઠાકોર એ "એમ.કે.સી. ઈન્ફાસ્ટ્રકચર લીમીટેડ કંપની" માટે ૮૦ ટનનો એક પરચેસ ઓર્ડર તથા બીજો ૨૪૦ ટન લોખંડનો પરચેસ ઓર્ડર આપેલ. ત્યારબાદ તા.૧૭/૧૧/૨૦૨૫ ના રોજ પોતાની "એમ.કે.સી.ઈન્ફાસ્ટ્રકચર લીમીટેડ કંપનીના એસ.બી.આઈ.બેંક ખાતામાંથી આરોપીની "રિદ્ધી ઈન્ડ્રસ્ટ્રીઝ" ના કોટક બેંકના ખાતામાં રૂપિયા ૨૫,૦૦,૦૦૦/– આર.ટી.જી.એસ.થી મોકલી આપતા આરોપી ભાસ્કરરાય જોષી એ જણાવેલ કે "તમારા લોખંડના સળીયાનો માલ ગાડીમાં ભરાવી તમને બિલ મોકલી આપુ છુ બાકીનુ પેમેન્ટ તૈયાર રાખજો અને ગાડીઓ બે–ચાર દિવસમાં તમારા પ્રોજેક્ટ ઉપર આવી જશે" તેમ કહેવા છતા ચાર પાંચ દિવસ સુધી લોખંડના સળીયાની ગાડીઓ કિશનસીંહ ઠાકોરના પ્રોજેક્ટ ઉપર નહી આવતા તેમજ આરોપીએ તા.૨૩/૧૧/૨૦૨૫ ના રોજ ચાર ઇનવોઇસ બિલ મોકલી "બાકીનુ બેલેન્સ પુરૂ કરી આપો તો ગાડી સવાર સુધીમાં આવી જશે" તેમ કહેતા તા.૦૨/૧૨/૨૦૨૫ ના રોજ કિશનસીંહ ઠાકોરએ "એમ.કે.સી. ઈન્ફાસ્ટ્રકચર લીમીટેડ" કંપનીના એસ.બી.આઈ. બેંકના ખાતામાંથી રિદ્ધી ઈન્ડસ્ટીઝના કોટક બેંકના ખાતામાં રૂપિયા ૬૪,૦૭,૪૪૫/– આર.ટી.જી.એસ. થી મોકલી આપેલ હોવા છતા લોખંડના સળિયા નહી મોકલી બાકી લેણા રૂપિયા પેટે ફકત રૂપિયા ૧૪,૫૦,૦૦૦/- પરત એમ.કે.સી. ઈન્ફાસ્ટ્રકચર લીમીટેડના બેંક ખાતામાં આર.ટી.જી.એસ.થી મોકલી આપી, બાકી લેણા કુલ રૂપિયા ૬૪,૦૪,૫૧૫/– પરત કિશનસીંહ ઠાકોરની કંપનીને નહી ચુકવી તેમની કંપની સાથે વિશ્વાસઘાત અને છેંતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.વાય.વ્યાસ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૩૪૨/૨૦૨૬**

નિકોલઃ રાહુલ સ/ઓ ગોવિંદભાઈ ભામણીયા (ઉ.વ.૨૬)(રહે. શિવસદન સોસાયટી, વિરાટનગર રોડ, નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૩/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને શારદાબેન હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.જે.શેખવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી